RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 230, Dt.16-12-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ૧૦ વર્ષમાં બેંકોને લાગ્યો ૧૨ લાખ કરોડનો ચૂનો

## ઉદ્યોગપતિઓ બેંકોની લોન લઈ ચૂકવવામાં નિષ્ફળ : બેંકોએ માંડવાળ કરી રકમ : લોન માફ કરવામાં SBI નંબર-૧ : SBIએ ૧,૪૬,૬૫૨ રૂ.તો PNB એ રૂ.૮૨૪૪૯ કરોડ માંડવાળ કર્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

અનિલ અંબાણી, જિંદાલ અને જયપ્રકાશ જેવા ઉદ્યોગપતિઓ લોનની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. જેના કારણે બેંકો પર બોજ સતત વધી રહ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં બેંકોએ ૧૨ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી છે. તે જ સમયે, છેલ્લા ૫ વર્ષમાં લોન માફીની અડધાથી વધુ રકમ સરકારી બેંકોમાંથી આવી છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) લોન માફીમાં સૌથી આગળ છે.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૧૫ અને નાણાકીય વર્ષ ૨૦૨૪ વચ્ચે, બેંકોએ કુલ ૧૨.૩ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી છે. સંસદમાં પૂછાયેલા પ્રશ્નોના જવાબમાં સરકારે આ માહિતી આપી હતી. સરકાર દ્વારા પૂરા પાડવામાં આવેલ ડેટા અનુસાર, છેલ્લા પાંચ વર્ષમાં (નાણાકીય વર્ષ ૨૦-૨૪) જાહેર ક્ષેત્રની બેંકો (સરકારી બેંકો) દ્વારા આમાંથી ૫૩% અથવા રૂ. ૬.૫ લાખ કરોડ માફ કરવામાં આવ્યા હતા.

અનિલ અંબાણી પણ એ લોકોમાં સામેલ છે જેઓ લોન ચૂકવી શક્યા નથી.

ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ટોચના ૧૦૦ ડિફોલ્ટરો કુલ એનપીએમાં ૪૩ ટકા હિસ્સો ધરાવે છે. ઈન્ડિયન એક્સપ્રેસે આઈટીઆર દ્વારા આ માહિતી એકત્રિત કરી છે. એવું કહેવામાં આવ્યું છે કે અનિલ અંબાણીની કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન લિમિટેડ પણ તે લોકોમાં સામેલ છે જેઓ લોન ચૂકવી શક્યા નથી. આ સિવાય જિંદાલ અને જેપી ગ્રુપની કંપનીઓ પણ છે.

**૨૦૨૩માં સરકારી બેંકોની સ્થિતિમાં થોડો સુધારો થયો**

નાણાકીય વર્ષ ૨૦૧૯માં બેંકો દ્વારા લોન માફીનો દર રૂ. ૨.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૨૪માં તે ૧.૭ લાખ કરોડ રૂપિયાના સૌથી નીચા સ્તરે આવી ગયું હતું. તે સમયે લગભગ રૂ. ૧૬૫ લાખ કરોડની કુલ બેંક લોનનો માત્ર એક ટકા જ બાકી હતો. જાહેર ક્ષેત્રની બેંકો હાલમાં કુલ લોનમાં ૫૧% હિસ્સો ધરાવે છે, જે Äþ2023 માં ૫૪% થી ઓછી છે.




એનપીએના મામલામાં પણ સરકારી બેંકો આગળ છે.

NPAના મામલામાં સરકારી બેંકો પણ આગળ છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ કહ્યું કે આરબીઆઈના ડેટા મુજબ, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં, જાહેર ક્ષેત્રની બેંકોની એનપીએ ૩,૧૬,૩૩૧ કરોડ રૂપિયા અને ખાનગી બેંકોની એનપીએ ૧,૩૪,૩૩૯ કરોડ રૂપિયા હતી.

**SBI લોન માફીમાં સૌથી આગળ છે**

જે બેંકોએ લોન માફ કરી છે, તેમાં SBIરકમની દ્રષ્ટિએ મોખરે છે. ëÁÐએ આ ૫ વર્ષમાં લગભગ ૧.૫ લાખ કરોડ રૂપિયા માફ કર્યા. પંજાબ નેશનલ બેંક બીજા નંબર પર છે. યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ત્રીજા સ્થાને, બેંક ઓફ બરોડા ચોથા સ્થાને અને બેંક ઓફ ઈન્ડિયા પાંચમા સ્થાને છે.

SBIએ રૂ.૧૪૬,૬૫૨ કરોડ તો PNB એ ૮૨૪૪૯ કરદઠ માંડવાળ કર્યા છે. સરકારી બેંકો પણ લોનની રકમ રાઈટ ઓફ કરવાના મામલે ઘણી આગળ છે. એસબીઆઈએ આ ૫ વર્ષમાં લગભગ રૂ. ૨ લાખ કરોડનું રાઈટ ઓફ કર્યું. જ્યારે પંજાબ નેશનલ બેંકે રૂ. ૯૪,૭૦૨ કરોડની લોન રાઈટ ઓફ કરી હતી. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન, સપ્ટેમ્બરના અંત સુધી, જાહેર ક્ષેત્રની બેંકોએ ૪૨ હજાર કરોડ રૂપિયાની લોન રાઈટ ઓફ કરી છે જે છેલ્લા ૫ વર્ષમાં ૬.૫ લાખ કરોડ રૂપિયા હતી. ચૌધરીએ જણાવ્યું હતું કે આરબીઆઈની માર્ગદર્શિકા અને બેંકોના બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવેલી નીતિ અનુસાર ચાર વર્ષ પૂર્ણ થવા પર બેંકો એનપીએને રાઈટ-ઓફ કરે છે. આવા રાઈટ-ઓફથી ઋણ લેનારની જવાબદારીઓનું વિસર્જન થતું નથી. આનાથી ઋણ લેનારને કોઈ લાભ મળતો નથી અને બેંકો આ ખાતાઓમાં શરૂ કરાયેલી વસૂલાતની કાર્યવાહી ચાલુ રાખે છે.

# બજેટ સત્રમાં આવકવેરાનું નવું બિલ નહીં આવે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નાણા મંત્રાલય સંસદના આગામી બજેટ સત્રમાં નવું આવકવેરા બિલ રજૂ કરે તેવી શકયતા નથી. જો કે, આવકવેરા કાયદાની વ્યાપક સમીક્ષા માટે મુખ્ય આવકવેરા કમિશનર વીકે ગુપ્તાના નેતૃત્વમાં રચાયેલી આંતરિક સમિતિ નાણાકીય વર્ષ ૨૦૨૬ના બજેટ પહેલાં તેનો અહેવાલ સુપરત કરી શકે છે.

ઘટનાક્રમથી વાકેફ એક અધિકારીએ કહયું, નઆ બિલ બજેટ સત્ર દરમિયાન રજૂ કરવામાં આવે તેવી શક્યતા નથી. વીકે ગુપ્તા કમિટીના રિપોર્ટના આધારે કાયદા મંત્રાલયની મદદથી નવા બિલનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવશે. એકવાર ખરડાનો ડ્રાફ્ટ તૈયાર થઈ ગયા પછી, તેને સમીક્ષા અને પ્રતિસાદ માટે સ્થાયી સમિતિને મોકલવામાં આવશે.થ હાલમાં, ગુપ્તા સમિતિ નિષ્ણાતો અને વિવિધ સંસ્થાઓ પાસેથી મળેલી ભલામણોની સમીક્ષા કરી રહી છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે તેમના બજેટ ભાષણમાં આવકવેરા કાયદાની વ્યાપક સમીક્ષાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે આ પગલાનો હેતુ અધિનિયમને સંક્ષિપ્ત, સ્પષ્ટ અને વાંચવા અથવા સમજવા માટે સરળ બનાવવાનો છે.

નાણામંત્રીએ કહયું હતું કે, આનાથી વિવાદો અને મુકદ્દમા ઘટશે જે કરદાતાઓને કરની બાબતોમાં નિશ્ચિતતા આપશે. આનાથી કરની માંગણીઓ અંગેના મુકદ્દમામાં પણ ઘટાડો થશે. આવકવેરા કાયદાની એકંદર




સમીક્ષા છ મહિનામાં પૂર્ણ કરવાની દરખાસ્ત છે.

હાલની ટેક્સ ડિડક્શન એટ સોર્સ (ઝઉજ) અને ટેક્સ કલેક્શન એટ સોર્સ (ઝઈજ) સિસ્ટમ જટિલ બની ગઈ છે. આ જટિલતાને દૂર કરવા માટે, સમિતિએ એક સરળ અભિગમ રજૂ કરવાનો પ્રસ્તાવ મૂકયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કસ્ટમ કાયદાની જેમ, સમિતિ દરોનું એક વ્યાપક શેડ્યૂલ બનાવવા પર વિચાર કરી રહી છે જે હાલના ૭૧ વિભાગોને બદલશે. આનાથી કાનૂની જટિલતાઓ અને મુકદ્દમાઓમાં નોંધપાત્ર ઘટાડો થશે અને કર કપાતની પ્રક્રિયા વધુ સરળ અને પારદર્શક બનશે.

# ફ્રાંસના ટાપુ પ્રદેશમાં ચિડો વાવાઝોડું ફૂંકાતા 1000નાં મોત

**મુખ્ય સમાચાર, પેરીસ**

ફ્રાન્સના મેયોટ વિસ્તારમાં ચિડો વાવાઝોડાએ ભારે તબાહી મચાવી છે. અહીં જીવ ગુમાવનારા લોકોની સંખ્યા લગભગ ૧,૦૦૦ને આંબી ગઈ હોવાની આશંકા વ્યક્ત કરાઈ છે. એક ટોચના સરકારી અધિકારીએ રવિવારે આ માહિતી આપી.

મેયોટ પ્રીફેક્ટ ફ્રાન્કોઈસ-ઝેવિયર બ્યુવિલેએ કહ્યું કે મને લાગે છે કે સેંકડો લોકો આ વાવાઝોડાને કારણે માર્યા ગયા છે, કદાચ સંખ્યા લગભગ એક હજાર સુધી પહોંચી શકે છે. શનિવારે હિંદ મહાસાગરના ટાપુઓ પર ત્રાટકેલા ઉષ્ણકટિબંધીય ચક્રવાતને કારણે થયેલા વ્યાપક વિનાશ બાદ ચોક્કસ આંકડા આપવાનું હાલ તો અત્યંત મુશ્કેલ છે.

અધિકારીઓએ રવિવારે અગાઉ મેયોટમાં ઓછામાં ઓછા લોકોના ૧૧ મૃત્યુની પુષ્ટિ કરી હતી પરંતુ પછીથી જણાવ્યું હતું કે સંખ્યા વધવાની અપેક્ષા છે. આફ્રિકાના કિનારે દક્ષિણ-પૂર્વ હિંદ મહાસાગરમાં સ્થિત મેયોટ ફ્રાન્સનો સૌથી ગરીબ ટાપુ પ્રદેશ અને યુરોપિયન યુનિયનનો સૌથી ગરીબ પ્રદેશ ગણાય છે.

ફ્રેન્ચના હવામાન વિભાગના જણાવ્યાનુસાર ચિડોને કારણે ૨૨૦ કિલોમીટર પ્રતિ કલાકથી વધુની ઝડપે પવન ફૂંકાયો હતો, જેના કારણે મેયોટમાં અનેક મકાનોને નુકસાન થયું હતું. આફ્રિકાના પૂર્વ કિનારે લગભગ ૮૦૦ કિલોમીટર દૂર આવેલા બે મુખ્ય ટાપુઓમાં ફેલાયેલા મેયોટની વસ્તી ૩ લાખથી



વધુ લોકોની છે. કેટલાક સ્થળોએ સમગ્ર વિસ્તાર નાશ પામ્યો હતો. સ્થાનિક રહેવાસીઓએ અહેવાલ આપ્યો હતો કે ઘણા વૃક્ષો ઉખડી ગયા હતા અને હોડીઓ પલટી કે ડૂબી ગઈ હતી.

# ભારતનો તાલ થંભી ગયોઃ તબલાવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

વિશ્વ વિખ્યાત પદ્મ વિભુષણ, તબલા નવાઝ ઉસ્તાદ ઝાકીર હુસૈનએ દેશ અને દુનિયામાં કરોડો ચાહકોને થાપ આપીને અમેરિકાની સાન ફ્રાન્સિસ્કોની હોસ્પિટલમાં ગઈકાલે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ લાંબા સમયથી હૃદયની બિમારીથી પીડાતા હતા.



તેમની વય ૭૩ વર્ષની હતી. સાન ફ્રાન્સિસ્કોની હોસ્પીટલમાં તેમનો ઈલાજ ચાલી રહ્યો હતો. પરંતુ તેમની હાલત સતત કથળતી જતી હતી. આખરે ગઈકાલે તેમનું નિધન થઈ ગયુ હતું. ઉસ્તાદ ઝાકીર હુસેનની તબીયત વધારે ગંભીર બની જતા દેશ-દુનિયામાંથી તેમના માટે દુઆઓ શરૂ થઈ ગઈ હતી.પણ મોડીરાત્રે તેઓ તબલાને મૌન છોડીને જતા રહ્યા હતા. તેમના નિધન ઉપર સંગીત સૃષ્ટિના મહારથીઓથી લઈ રાજકીય અગ્રણીઓએ શોક પ્રગટ કરીને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. ઝાકીર હુસૈનનો જન્મ તા.૯ મી માર્ચે ૧૯૫૧ માં મુંબઈમાં થયો હતો. ઉ.ઝાકીર હુસૈનને ૧૯૮૮ માં પદ્મશ્રી, ૨૦૦૨ માં પદ્મભુષણ તથા ૨૦૨૩ માં પદ્મ વિભુષણનુ સન્માન મળ્યુ હતું. તેમને ત્રણ ગ્રેમી એવોર્ડ પણ મળી ચુકયા છે. તેમના પિતાનું નામ ઉસ્તાદ અલ્લારખાં તથા માતાનું નામ બીબી બેગમ હતું. ઉ.ઝાકીર હુસૈન તેમનું પ્રારંભીક શિક્ષણ મુંબઈનાં માહીમની સેન્ટ માઈકલ સ્કુલમાં મેળવ્યુ હતું અને ગ્રેજયુએશન સેન્ટ ઝેવીયર્સમાંથી કર્યું હતું. ૧૯૭૩ માં તેમણે પોતાનું પહેલૂ આલ્બમ નલીવીંગ ઈન ધ મટીરીયલ વર્લ્ડ લોંચ કર્યું હતું.

# પંજાબ-હરિયાણા-દિલ્હીથી લઈ ઓડિશા સુધી હાડ થિજાવતી ઠંડી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હિમાચલ પ્રદેશ અને કાશ્મીર ખીણમાં લઘુત્તમ તાપમાનમાં થોડો વધારો થવાથી તીવ્ર ઠંડીના મોજામાંથી થોડી રાહત મળી છે, પરંતુ મેદાની વિસ્તારોમાં તીવ્ર ઠંડી અને શીત લહેર ચાલુ છે. પંજાબ, હરિયાણા અને ઓડિશા સહિત રાષ્ટ્રીય રાજધાનીમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. ઓડિશાના મયુરભંજ જિલ્લાના રામતીર્થમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૧૦ ડિગ્રી નોંધાયું છે. તો દિલ્હીમાં ૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગે એલર્ટ જારી કર્યું છે કે ઉત્તર-પશ્ચિમ ભારતમાં આગામી પાંચ દિવસ અને મધ્ય ભારતમાં આગામી ત્રણ દિવસ ઠંડીનું મોજુ યથાવત રહેશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રવિવારે સવારે ૮:૩૦ વાગ્યા પહેલાના ૨૪ કલાક દરમિયાન પંજાબ, હરિયાણા, ચંદીગઢ, પૂર્વ રાજસ્થાન અને મધ્ય પ્રદેશના ઘણા ભાગોમાં તીવ્ર ઠંડીનું મોજું પ્રવર્તી રહ્યું હતું. પશ્ચિમ રાજસ્થાન, પશ્ચિમ બંગાળના ગંગાના વિસ્તારો, ઉત્તર પ્રદેશ, વિદર્ભ, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ અને ઓડિશાના અલગ-અલગ વિસ્તારો પણ સામાન્ય શીત લહેરની પકડમાં હતા.તેનાથી વિપરીત, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં લઘુત્તમ તાપમાનમાં થોડો વધારો નોંધાયો હતો અને તેના કારણે લોકોને તીવ્ર ઠંડીથી થોડી રાહત મળી હતી. શનિવારે રાત્રે શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૩.૪ ડિગ્રી હતું, જે આગલી રાતના માઈનસ ૪.૬ ડિગ્રી કરતાં થોડું સારું છે. પ્રવાસીઓના પ્રિય સ્થળ ગુલમર્ગમાં તાપમાનનો પારો માઈનસ ૩.૮ ડિગ્રી નોંધાયો હતો, જે આગલી રાત કરતાં ચાર ડિગ્રી વધુ છે. અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ સાઈટ પહેલગામમાં પણ લઘુત્તમ તાપમાન માઈનસ ૪.૮ ડિગ્રી નોંધાયું હતું, જે આગલી રાત કરતાં ત્રણ ડિગ્રી વધારે હતું. હવામાન વિભાગે મધ્યપ્રદેશના કેટલાક વિસ્તારોમાં ૧૬ ડિસેમ્બર અને પૂર્વ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં ૧૭ થી ૨૦ ડિસેમ્બર સુધી કોલ્ડવેવની ચેતવણી જારી કરી છે. ૧૯ ડિસેમ્બર સુધી જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને પશ્ચિમ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં કોલ્ડવેવની સંભાવના છે. ૧૬ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ રાજસ્થાન, ઓડિશા,



મધ્ય મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર અને ગુજરાતના કચ્છ અને તેલંગાણાના અલગ-અલગ ભાગોમાં પણ ઠંડા પવનો ફૂંકાવાની અપેક્ષા છે.

ઉત્તર ભારતમાં ઠંડી છે, તો દક્ષિણ ભારતમાં તમિલનાડુમાં વરસાદ પડી રહ્યો છે. રાજ્યમાં મુશળધાર વરસાદને કારણે થૂથુકુડીમાં ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા છે. હવામાન વિભાગે તમિલનાડુ ઉપરાંત કેરળ અને લક્ષદ્વીપના ઘણા વિસ્તારોમાં વરસાદની ચેતવણી જારી કરી છે. વિભાગનું કહેવું છે કે આગામી ૨૪ કલાક દરમિયાન બંગાળની ખાડીમાં દબાણ ક્ષેત્ર ક્યારે સર્જાય તેવી શક્યતા છે. તેની અસરને કારણે તમિલનાડુ અને અન્ય નજીકના રાજ્યોમાં આગામી બે દિવસમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે.

# જબરી 'હેરાફેરી'; કાર-થ્રી વ્હીલરની એક જ ટ્રીપમાં સેકડો ટન સસ્તા અનાજનું ટ્રાન્સપોર્ટેશન

## કારની એક ટ્રીપમાં જ ૨૪૪.૨૦ કવીન્ટલ સરકારી અનાજ પહોચાડી દેવાયાનો રેકોર્ડ ઉભો કરી બિલ ચુકવાયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં જાહેર વિતરણ વ્યવસ્થા માટે કેન્દ્ર દ્વારા રાજયોને ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના ગોડાઉન અને ત્યાંથી સસ્તા અનાજની દુકાનો સુધી આ અનાજ વિ. પહોંચાડવામાં આવે છે તેમાં મોટાપાયે 'હેરાફેરી' થતી હોવાનું કોમ્પ્યુટણ એન્ડ એકાઉન્ટન્ટ જનરલના ઓડિટમાં ઝડપાયું છે.

ખાનગી ક્ષેત્રની આટા-બેસન મિલો સુધી આ અનાજ પહોંચી જાય છે. સરકારી ગોડાઉનના ઘઉંમાંથી કંપનીઓ 'બીસ્કીટ' બનાવે છે તેવા એક ઘટસ્ફોટ કર્ણાટકમાં 'કેગ'ના ઓડીટમાં એવો ઘટસ્ફોટ થયો છે કે મીની ટ્રક જેની વહન ક્ષમતા પ્રતિ ટ્રીપ ૭.૫ કિવન્ટલની હોય છે.

તેણે ફકત બે ટ્રીપમાંજ ૨૭૭.૬૯ કરી હતી અને ૨૮૧.૨૯ કવીન્ટલ અનાજ પહોચાડયુ હતું. આમ દરેક ટ્રીપમાં તેની ક્ષમતાના ૨૦૯-૩૦૦ ટકા અનાજનું વહન કરાયું. જે સૌથી મોટુ ધુમ્મલ પકડાયું છે. કાર મારફત એક જ ટ્રીપમાં ૨૪૪.૨૦ કવીન્ટલ અનાજનું ટ્રાન્સપોર્ટેશન થયુ હતું અને થ્રી-વ્હીલર મારફત ૩૦૦.૦૨ કવીન્ટલ અનાજનું વહન થયુ હતું.

વાસ્તવમાં આ અનાજ બારોબાર પગ કરી ગયું પણ તેમાં કાનૂની ટ્રીપ બનાવવા જે વાહનોના નંબર દર્શાવાયા તે નાના કોમર્શિયલ વાહનો કાર અને થ્રી વ્હીલર હતા જેની ક્ષમતા પણ તેટલું અનાજ વહન કરી શકે નહી



છતા તેના ટ્રાન્સપોર્ટ ખર્ચના બિલ પણ ચુકવાઈ ગયા હતા.

વાસ્તવમાં મોટા વાહનો મારફત આ અનાજ બારોબાર મોકલી અપાયુ હતું તેમાં એ પણ ચિંતા કરવામાં આવી નહી કે જે નંબરના વાહનોના નંબરનો ઉપયોગ થાય છે તેની ક્ષમતા એવી જ હતી કે તે આટલા અનાજનું વહન કરાયુ હતુ હવે આ અંગે સરકારે કેવા પગલા લેવા માંગે છે તે પ્રશ્ન છે.

# કેનેડામાં ત્રણ વિદ્યાર્થીઓની હત્યાથી સરકાર ચિંતિતઃ ભારતીયો માટે એડવાઈઝરી

## ભારતીય વિદ્યાર્થીઓને સતર્ક રહેવા ચેતવણીઃ કેનેડા સરકાર સમક્ષ પણ કેન્દ્રે વિરોધ નોંધાવ્યો

**મુખ્ય સમાચાર,ટોરન્ટો**

કેનેડામાં ત્રણ ભારતીય વિદ્યાર્થીઓની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધી ગયો છે. ભારતે કેનેડાની સરકાર પાસે સંપૂર્ણ તપાસની માંગ કરી છે અને ત્યાં પોતાના નાગરિકો પર વધી રહેલા હુમલાઓ અંગે પણ ચેતવણી આપી છે. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે કેનેડામાં તાજેતરમાં ત્રણ ભારતીય વિદ્યાર્થીઓની હત્યા એ એક ભયાનક સ્થિતિ તરફ ઈશારો કરે છે, ભારતીય હાઈ કમિશન અને વાણિજ્ય દૂતાવાસ કેનેડિયન સત્તાવાળાઓ દ્વારા આ મામલે સંપૂર્ણ તપાસની માંગ કરી રહ્યા છે. તેઓ વિદ્યાર્થીઓના પરિવારના સંપર્કમાં પણ છે. રણધીર જયસ્વાલે કહ્યું કે જે વિદ્યાર્થીઓની હત્યા કરવામાં આવી છે તેમના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે અમે સંવેદના વ્યક્ત કરીએ છીએ. કેનેડામાં ભારતીય નાગરિકો, ખાસ કરીને વિદ્યાર્થીઓની સુરક્ષા ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારતીય મિશન આ સંબંધમાં સ્થાનિક અધિકારીઓ સાથે નિયમિત સંપર્કમાં છે. વધતા ગુનાઓને જોતા ભારતે કેનેડામાં તેના નાગરિકો અને વિદ્યાર્થીઓને અત્યંત સાવધાની રાખવા અને સતર્ક રહેવાની સલાહ આપી છે. ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ખરાબ થયા જ્યારે કેનેડિયન પીએમ જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો. કેનેડિયન સત્તાવાળાઓએ નિજ્જર હત્યાની તપાસમાં તેમની અને અન્ય પાંચ અધિકારીઓની પૂછપરછ કરવાની માંગ કર્યા




પછી ભારતે ઓટાવાથી તેના હાઈ કમિશનરને પાછા બોલાવ્યા હતા. ત્યારથી, બંને દેશોએ ઘણા રાજદ્વારીઓને હાંકી કાઢ્યા છે, જેના કારણે દ્વિપક્ષીય સંબંધો પ્રભાવિત થયા છે. ભારતે ટ્રુડો સરકાર પર ખાલિસ્તાની અને ભારત વિરોધી તત્વોને જગ્યા આપવાનો આરોપ લગાવ્યો છે. ભારતે એમ પણ કહ્યું છે કે ખાલિસ્તાની જૂથો અને તેમના નેતાઓએ ભારતીય રાજદ્વારીઓ અને હિતોને નિશાન બનાવવા માટે કેનેડાની જમીનનો ઉપયોગ કર્યો છે. રણધીર જયસ્વાલે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા એક સપ્તાહમાં કેનેડામાં દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનાઓ બની છે જ્યારે હિંસક ગુનાઓમાં ત્રણ ભારતીય વિદ્યાર્થીઓની હત્યા કરવામાં આવી છે. તેમણે આ સમયગાળા દરમિયાન બનેલી ઘટનાઓની વિગતો આપી ન હતી.

# થેલેસે મિક્સ ગુજરાત અને સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશન ના સંયુક્ત ઉપક્રમે ઉના ખાતે થેલેસેમિયાના દર્દીઓ માટેનો માર્ગદર્શન કેમ્પનું આયોજન

મુખ્ય સમાચાર,ઉના

અહેવાલ :- અબ્દુલ પઠાણ ઉના



ઉના મતવિસ્તારના માનનીય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. ઉના તાલુકા હેલ્થ સેન્ટરના માનનીય ડોકટર વિપુલભાઈ દુમાતર, થેલેસેમેક્સ ગુજરાતના ડો. રવિભાઈ ધાનાણી, સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશન અમદાવાદ ખાતેના બોનમેરો ટ્રાન્સપોર્ટ યુનિટના પ્રોજેક્ટ મેનેજર શૈવલભાઈ ગાંધી અને સંકલ્પ ડે કેર સેન્ટર રાજકોટના કોર્ડીનેટર નેહલભાઈ દવે ઉપસ્થિત રહેલા હતા. આ કાર્યક્રમમાં મુખ્યત્વે થેલેસેમિયા મેજર દર્દીને મળતી તમામ સારવાર કેવી રીતે વ્યવસ્થિત મળી શકે? બોન્મેરો ટ્રાન્સપ્લાન્ટ અને એચએલએ રિપોર્ટ વિશેની વિગતવાર માહિતી, સરકાર તરફથી થેલેસેમિયા દર્દીઓને મળતી મદદ રાહત અંગેની માહિતી , ત્યારબાદ થેલેસેમિયાને અટકાવવા માટેના પગલાંઓ વિશે જેવા વિવિધ વિષયો પર લોકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તદઉપરાંત રક્તદાન વિશે લોકોને જાગૃત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ એ *સરકારશ્રી તરફથી જે કોઈ સહાય થેલેસેમિયાના દર્દીઓને મળે છે તે ઉનાના દરેક દર્દીઓને મળે તે પ્રકારે મદદ કરવાનું વચ આપ્યું.

# સદીઓથી વગડો ખુંદતા પરિવારનો ગૃહ પ્રવેશ, વાલપની વસાહતમાં ૧૮ પરિવારોને મળ્યું ઘર

## મોરબી જિલ્લાના નીચી માંડલ ગામ ખાતે બનાવવામાં આવી વાલપની વસાહત

(વંદના નીલકંઠ વાસુકીયા)

વિરમગામ : મોરબી જિલ્લાના નીચી માંડલ ગામ ખાતે બનાવવામાં આવેલ વાલપની વસાહતમાં સદીઓથી વગડો ખુંદતા પરિવારનો ગૃહ પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. વાલપની વસાહતમાં ૧૮ ગાડલિયા પરિવારોને ઘર મળ્યું છે. પોતાનું ઘરનું ઘર મેળવીને પરિવારજનોમાં અનેરો ઉત્સહ ઉમંગ જોવા મળ્યો હતો.

વિચારતા સમુદાય સમર્થન મંચના ફાઉન્ડર મિત્તલ પટેલે જણાવ્યું હતું કે, કોઈને નાત ખટકે છે કોઈને જાત ખટકે છે, અમોને સંકુચિત દષ્ટિ તણો ઉત્પાત ખટકે છે. શૂન્ય પાલનપુરીનો આ શેર અમારા વિચરતી જાતિના પરિવારોના કાયમી વસાવટની વાત આવ્યા ત્યારે અચૂક યાદ આવે. અનેક ગામોમાં વર્ષોથી રહેતા પરિવારોને આજેય ગ્રામજનો અપનાવવા રાજી નથી ત્યારે મોરબીના નીચીમાંડલના ગ્રામજનો, પંચાયતના સભ્યો અને સરપંચ માટે માન થાય એવી રીતે એમણે અમારા ૧૮ ગાડલિયા પરિવારોને એમના ગામમાં વસાવ્યા. રહેણાંક અર્થે સરકાર પ્લોટ ફાળવે એ માટે અમે મથ્યા.ઓળખના પુરાવા પણ અપાવ્યા. પ્લોટ ફળવાયા પછી પંડિત દિનદયાળ આવાસ યોજના અંતર્ગત ૧.૨૦ લાખની સહાય અપાવવામાં પણ નિમિત્ત બન્યા. ઘર બાંધવાનું શરૂ કરતા પહેલા ૧૮ પરિવારોને ઘર કેવા જોઈએ એ પુછ્યું ને સૌએ બંગલા જેવા ઘરની કામના કહી. નાના માણસો માટે ઘર કરવું મોટી વાત વળી પેઢીઓ રઝળતા ગઈ એટલે મજાના ઘરની કલ્પના હોવી સાહજીક. અમે બે રૂમ, રસોડુ, ટોયલેટ બાથરૂમ વાળુ ઘર બાંધવાનું નક્કી કર્યું. ખર્ચ ઘણો થાય એમ હતો. પરિવારોએ એમના ગજા પ્રમાણે ટેકો કર્યો એ સિવાયનો ટેકો વીએસએસએમ સાથે સંકળાયેલા અમારા કનુભાઈ દોશી, નવીનચંદ્ર મહેતા, રશ્મીનભાઈ સંઘવી, મયુરભાઈ નાયક- માબાપ ફાઉન્ડેશન, ભાવનાબેન મહેતા, અપર્ણ ફાઉન્ડેશન, નીતાબહેન પરીખ અને સ્વ. કલ્પેશભાઈ પરીખ, જેબી પેકેજિંગ - સુધાબહેન પટેલ- જશુબેન પટેલ, અલખ્સ ફેમિલી એ કર્યો ને ૧૮ પરિવારો વગડામાંથી વહાલપની વસાહતમાં રહેવા ગયા. ઘર વિહોણા પરિવારોને ઘર આપવાના આ કાર્યમાં રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો સહયોગ સતત મળ્યો. એ સિવાય, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, મોરબી જિલ્લા વહીવટીતંત્ર, સમાજ કલ્યાણ અધિકારી સૌએ પણ સતત સહયોગ કર્યો માટે આ કાર્ય થઈ શક્યું. સરકાર, સમાજ અને સમુદાય સાથે આવે તો કેવું રૂડુ કાર્ય થાય એ નીચી માંડલમાં જોયું. ૧૮ પરિવારોના ઘરો બંધાયા પછી એમનો ગૃહપ્રવેશ કરાવવા ટંકારાના ધારાસભ્ય દુર્લભજીભાઈ ખાસ પધાર્યા. લાગણીવાળા વ્યક્તિ એમણે તુરત



રસ્તા, વિજળીની સુવિધા માટે પણ સૂચના આપી. સરપંચ પ્રધ્યુમનભાઈ અને પંચાયતના સભ્યો ઘર બાંધકામ ચાલુ થયું ત્યારથી સતત હાજર રહ્યા. અમારા કાર્યકર કનુભાઈ અને છાયાબહેનની મહેનત સખત. સરકારી કચેરીમાં કાગળિયા કરવાનું, ક્યાંક નાની મોટી માથાકૂટમાં પરિવારોને સાથે રાખવાનું આ બેયે દિવસ રાત જોયા વગર કર્યું.

# ટંકારાની શાકમાર્કેટમાં ફુટના વેપારની સાથે ગાંજાનું વેચાણ કરતા શખ્સને પકડી લેતી એસઓજી

## પોલીસે આરોપી પાસેથી માદક પદાર્થ ગાંજો કુલ ૧ કિલો ૪૩૫ ગ્રામ, ૨૪ મોબાઈલ, વજન કાંટા સહિત ૪૬,૮૫૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો

મુખ્ય સમાચાર,મોરબી



મોરબી એસઓજી પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે ટંકારાની જૂની ગ્રામ પંચાયત સંચાલિત શાકમાર્કેટમાં ફુટના વેપારની સાથે વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનું પણ વેચાણ કરતા ઈસમની ૧૧૬ ગ્રામ ગાંજા સાથે ધરપકડ કરી હતી, જે બાદ પકડાયેલ આરોપીના ઘરની ઝડતીમાં વધુ ૧ કિલો ઉપરનો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો, હાલ એસઓજી પોલીસે આરોપીની અટકાયત કરી તેની વિરુદ્ધ એનડીપીએસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, મોરબી એસઓજી ટીમને બાતમી મળેલ કે ટંકારાની મેમણ શેરીમાં રહેતા હુસેન ઉર્ફે શબલો સલીમભાઈ સોલંકી ટંકારામાં જૂની ગ્રામ પંચાયત સંચાલિત શાક માર્કેટમાં થળા નં.૧૮ ઉપર ફુટના વેચાણ ની સાથે વનસ્પતિજન્ય ગાંજાનું પણ ખાનગીમાં વેચાણ કરે છે, હાલ ગાંજાનું વેચાણ ચાલુ હોય જે બાતમીને આધારે એસઓજી ટીમે શાક માર્કેટમાં કોર્ડન કરી અંગ ઝડતી લેતા કોટન ખિસ્સામાંથી તેમજ થળા નં.૧૮ માં તલાસી લેતા અલગ અલગ પ્લાસ્ટિકની કુલ ૧૭ નંગ કોથળીમાંથી ૧૧૬ ગ્રામ ગાંજો પકડી લેવામાં આવ્યો હતો. આ સાથે આરોપી હુસેન ઉર્ફે શબલાની સ્થળ ઉપરથી અટક કરવામાં આવી હતી.

જે બાદ પકડાયેલ આરોપી હુસેન ઉર્ફે શબલો સોલંકીને ગાંજા બાબતે વધુ સઘન પૂછતાછ કરતા આરોપી ગાંજાનો જથ્થો રાજકોટથી લઈ આવ્યો હોવાનું અને અન્ય જથ્થો પોતાના રહેણાંક મકાનમાં રાખ્યો હોવાનું જણાવતા તુરંત આરોપીના ટંકારા મેમણ શેરી સ્થિત રહેણાંક મકાને રેઈડ કરી હતી જ્યાંથી એક બેગમાં રાખેલ વધુ ૧ કિલો ૩૧૯ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો, જેથી એસઓજી પોલીસે કુલ ૧ કિલો ૪૩૫ માદક પદાર્થ ગાંજો કિ.રૂ. ૧૪,૩૫૦/-, સેમસંગ ત-૨૪ મોબાઈલ કિ.રૂ.૩૦ હજાર, વજન કાંટો રૂ.૫૦૦/- સહિત રૂ.૪૬,૮૫૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં પાડા-પુલ નીચે ભરાતી બજારમાંથી મળી આવેલ બાળકને તેના માતા-પિતાને સોંપી આપતી શી ટીમ

## મોરબી સીટી બી ડીવીઝન પોલીસની SHE TEAM દ્વારા ગુમ થયેલા બાળકનું માતા-પિતા સાથે પુનઃમિલન

મુખ્ય સમાચાર,મોરબી



મોરબી સીટી બી ડીવીઝન પોલીસની SHE TEAM દ્વારા પાડા-પુલ નીચે રવિવારના રોજ ભરાતી બજારમાંથી મળી આવેલ પરપ્રાંતિય ૩ વર્ષના બાળકના માતા-પિતાની શોધખોળ બાદ ખાતરી કરીને સોંપવામાં આવ્યો હતો.

મોરબી જીલ્લામાં દરેક પોલીસ સ્ટેશનમાં SHE TEAM કાર્યરત હોય જે અન્વયે મોરબી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશનની પીસીઆર વાન મોરબી પાડા પુલ નીચે ભરાતી રવીવારી માર્કેટમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બપોરના અરસામાં એક નાનું બાળક મળી આવેલ હતું. બાળક આશરે ૩ વર્ષની ઉમરનુ હોય જેથી તેને સાથે રાખી તુરંત આજુબાજુમાં બાળકના વાલીવારસની શોધખોળ કરી પરંતુ બાળકના માતા-પિતા મળી આવેલ ન હોય જેથી બાળકને બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે લઈ આવતા પસી ટીમેથ બાળકનો કબ્જો સંભાળી અને તેના વાલી વારસ શોધવા માટે કવાયત શરૂ કરી હતી.

સી ટીમના સ્ટાફે હિન્દીમાં બોલતા બાળકને કાલીઘેલી ભાષા આધારે સમજવાનો પ્રયત્ન કરી અને બાળકને સાથે રાખી તેના વાલીને શોધવા કવાયત કરી ખુબજ ટુંકા સમયમાં મોરબી જેતપર રોડ ઉપરથી બાળકના વાલી નામે ભરમુ ધુમસિંહ રાણા ઉવ ૩૦ રહે.અમુલ કારખાના પાવડીયારી કેનાલ પાસે તા.જી મોરબી વાળાને શોધી ખાત્રી કરી અને મળી આવેલ બાળક ઉવ.૩ ને તેના માતા પિતાને સોંપી આપેલ હતો. આ સાથે મળી આવેલ બાળકના માતા પિતા તેના બાળકને શોધતા હોય ત્યારે પોલીસ દ્વારા બાળક મળી જતા રાહતનો શ્વાસ લીધેલ હતો. આમ એક બાળકને તેના માતા પિતા સાથે મિલન કરાવવામાં મોરબી સીટી બી ડીવી પોલીસ “”SHE TEAM”” દ્વારા કુશળ અને દ્રષ્ટાંત રૂપ કામગીરી કરીને સફળતા મળી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું જામનગર એરપોર્ટ ખાતે આગમન થતાં મહાનુભાવોએ ઉષ્માભેર સ્વાગત કર્યું



જામનગરમાં ,રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું જામનગર એરપોર્ટ ખાતે આગમન થતાં મહાનુભાવો દ્વારા તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી રાજકોટ જિલ્લામાં આયોજિત એક કાર્યક્રમમાં હાજરી આપી ધોરડો જવા રવાના થશે. આ દરમિયાન જામનગર એરપોર્ટ ખાતે તેઓએ ટૂંકું રોકાણ કર્યું હતું.તેઓના સ્વાગતમાં મેયર વિનોદભાઈ ખીમસુર્યા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી અને મેઘજીભાઈ ચાવડા, અગ્રણીઓ રમેશભાઈ મુંગરા, ડો. વિમલભાઈ કગથરા, કમિશ્નર ડી.એન. મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું, મહામંત્રીઓ, અગ્રણીઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના મફતિયાપરાના રહેણાંકમાંથી ઈંગ્લીશ દારૂની ૧૮૯ બોટલ સાથે એક ઝડપાયો



મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ કુબેર ટોકીઝ પાછળ મફતિયાપરાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ ચાલુ હોય તેવી મળેલ બાતમીને આધારે બી ડિવિઝન પોલીસ ટીમે ઉપરોક્ત મકાનમાં રેઈડ કરી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની નાની-મોટી ૧૮૯ નંગ બોટલ કિ.રૂ. ૯૧,૪૬૭/- સાથે આરોપી અજીતભાઈ બચુભાઈ બણોધરા ઉવ.૩૩ રહે મોરબી-૨ કુબેર ટોકીઝ પાછળ મફતીયાપરામાં પાણીની ટાંકી પાસેને પકડી લેવામાં આવ્યો છે. બી ડિવિઝન પોલીસે વિદેશી દારૂનો જથ્થો કબ્જે લઈ પકડાયેલ આરોપી સામે પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# ધોરાજીના સગીરે જેતપુરની સગીરાનું અપહરણ કરી આચર્યુ દુષ્કર્મ

જેતપુરની સગીરાનું અપહરણ કરી ધોરાજીના સગીરે દુષ્કર્મ આચાર્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા સનસનાટી મચી જવા પામી છે તરત્ર્ણ અને તરૂણી ઈન્સ્ટાગ્રામ થકી સંપર્કમાં આવ્યા બાદ સગીર સગીરાને ભગાડી જૂનાગઢ અને ધોરાજી લઈ ગયો હતો અને ત્યાં દુષ્કર્મ આચરેલ હતું. ભોગ બનનાર અને આરોપી બંને તરૂણ હોય પોલીસ પણ દ્વિધામાં મુકાઈ હતી. જોકે આ ગુનામાં મદદગારી કરનાર આરોપી સગીરના માતા કરાઈ છે. -પિતાની પણ ધરપકડ આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ, જેતપુર ખાતે રહેતી સગીરાને ધોરાજીના સગીર સાથે સોશિયલ મીડિયા એપ ઈન્સ્ટાગ્રામ થકી સંપર્ક થયો હતો બંને ચેટ કોલિંગ કરવા લાગ્યા હતા. સગીરે ભોગ બનનારને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી પછી આરોપીએ જેતપુર ખાતે આવી સગીરાનું અપહરણ કર્યું હતું. બંને થોડા દિવસ જૂનાગઢ રહ્યા હતા. ત્યાંથી સગીરના ઘરે ધોરાજી આવ્યા હતા અહીં પણ તેવો થોડા દિવસ રહ્યા બાદ પોલીસને જાણ થતા પોલીસ સગીરના ઘરે પહોંચી હતી. જ્યાંથી સગીરાને મુક્ત કરાવી હતી. તેનું મેડિકલ ચેક અપ અને કાઉન્સિલિંગ કરાતા જૂનાગઢ ખાતે અને ધોરાજી ખાતે સગીરે ભોગ બનનાર સગીરા સાથે દુષ્કર્મ આચાર્યું હોવાનું જાણવા મળેલ. આ ઉપરાંત સગીર જયારે ભોગ બનનારને તેના ઘરે ધોરાજી લાવ્યો હતો ત્યારે સગીરના પિતા મહેન્દ્રભાઈ અને માતા વર્ષાબેને પોલીસને જાણ ન કરી બંનેને ઘરમાં આશરો આપ્યો હોય, જેથી તે બંનેને મદદગારીના આરોપસર પોલીસે અટકાયતમાં લીધા છે. આ અંગે જેતપુર સિટી પોલીસ મથકે પોક્સો અને દુષ્કર્મ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ થયો છે. વધુ તપાસ પીઆઈ પરમાર દ્વારા હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં પુષ્પા-૨ ફિલ્મ જોવા જઈ રહેલા દંપતી ખંડિતઃ પત્નીની નજર સામે પતિનું મૃત્યુ

મોરબી-કંડલા બાયપાસ ઉપર સિનેમાઘરમાં પુષ્પા-૨ ફિલ્મ જોવા જઈ રહેલા મોરબીના દંપતીને કાર ચાલકે સિનેમા સામે જ હડફેટે લઈ લેતા પત્નીની નજર સામે જ પતિનું મૃત્યુ નિપજતા દંપતી ખંડિત થયું હતું. બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબીના નાની વાવડી ગામે કેનાલ પાસે ગાયત્રીનગરમાં રહેતા અને કિશન હેર સલૂન નામની દુકાન ધરાવતા કિશનભાઈ હરીશભાઈ માવદીયા અને તેમના પત્ની ચાંદનીબેન પોતાનું બાઈક લઈને ગઈકાલે બપોરના શોમા પુષ્પા -૨ ફિલ્મ જોવા કંડલા બાયપાસ ઉપર આવેલ નેક્સેસ સિનેમા ખાતે જતા હતા ત્યારે નેક્સેસ સિનેમા સામે રોડની કટ્ટમાંથી સિનેમા તરફ જવા માટે નીકળતા જ આરટીઓ કચેરી તરફથી આવતી જીજે - ૧૩ - એએમ - ૫૮૯૭ નંબરની કારના ચાલકે બાઈકને હડફેટે લેતા કિશનભાઈનું ગંભીર ઈજાઓ પહોંચતા મૃત્યુ નીપજ્યુ હતું. જ્યારે તેમના પત્ની ચાંદનીબેનને માથા તેમજ પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા પ્રથમ મોરબી બાદ રાજકોટ ખાનગી હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની આ ઘટના અંગે મૃતકના નાના ભાઈ નિમિશભાઈ માવદીયાએ મોરબી તાલુકા પોલીસ મથકમાં કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

# જૂનાગઢના શખસે ટ્રાવેલ્સ ધંધાર્થીના પરિવારને મારી નાખવાની આપી ધમકી

મુખ્ય સમાચાર,જૂનાગઢ

શિવનગર શેરી નંર માં રહેતા વિજયસિંહ ભરતભાઈ જાડેજાએ માલવીયાનગર પોલીસમાં જુનાગઢના લાલા મુસ્લીમ સામે ફરિયાદ નોંધાવી છે જેમાં ગત.તા.૯ના તેઓ પોતાની કાર લઈ ઘરે જતા હતા ત્યારે ગોંડલ રોડ પરના પેટ્રોલ પંપ પાસે પહોંચતા તેઓની કાર આડે શખસે બુટેલ આડુ રાખી તેઓને ઉભા રાખ્યા હતા શખસે મોઢે બાંધેલ રૂમાલ હટાવટા... તે જુનાગઢનો લાલો મુસ્લીમ હતો જેથી તેની સાથે પરીચત હતા બાદમાં શખસ તેઓની કારમાં બેસીને કહ્યું કે માતૃકૃપા ટ્રાવેલ્સ વાળા મેહુલસિંહ જાડેજાએ મને પચાસ લાખ રૂપિયામાં તમને મારી નાખવાની સોપારી આપી છે અને મારે તમને મારવા નથી પણ તમારે ત્રણ દિવસ તમારો ફોન બંધ રાખી મારી સાથે રહેવું પડશે જો આ વાત કોઈની કોઈને જાણ કરીશ તો તારા પરિવારને મારી નાખીશ તેવી ધમકી આપી જતો રહ્યો હતો.બાદમાં ગત.તા.૧૧ના શખસ તેઓની ઓફિસે આવી તમે શું વિચાર્યુ મારે પ્રેસર છે આ છેલ્લી મુલાકાત છે કહી જતો રહ્યો હતો અને તે દિવસે સાંજે તેઓ ઘરે જતા હતા ત્યારે ફરિ શખસે કાર ઉભી રખાવી તેની સાથે આવવાનું કહી મોબાઈલ લઈ લીધો હતો. દરમ્યાન તેઓ શખસ સાથે ગોંડલ રોડ પર પહોંચતા તેઓએ શખસને કહ્યું કે બુલેટ ઉભું રાખો હું ઘરેથી પૈસા મંગાવી લઉં કહી ત્યાંથી નાશી છુટયા હતા. બાદમાં શખસે તેઓને ફોન કરી કહ્યું કે હવે તમે ભેગા નહી આવો તો વાંધો નહી પણ તમારો ફોન બંધ રાખજો નહીતર તમારા ઘરના સભ્યોને મારી નાખીશ.અને મારી પાસે તમારી સોપારીના પૈસા આવી જાય પછી તમે છુટ્ટા કહી જતો રહ્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં આગના ત્રણ બનાવમાં ફાયર અને ઈમરજન્સી ટીમની ત્વરિત કામગીરી



મોરબી શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં ગત તા.૧૩,૧૪ ડિસેમ્બરના મોડી રાત્રીના આગના ત્રણ અલગ-અલગ બનાવોમાં મોરબી ફાયર અને ઈમરજન્સી સર્વિસની ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ત્રણેય આગ લાગવાની ઘટના મામલે ફાયર વિભાગ ટીમે આગ ઉઓર કાબુ મેળવ્યો હતો, ત્યારે ત્રણેય ઘટનામાં જાનહાની ટળી હતી. મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ વિભાગમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર ટંકારાના વિરપરથી ઘુનડા જવાના રસ્તે રાત્રે ૧૨.૩૦ વાગ્યાના સુમારે જીજે-૩૬-બી-૮૦૮૧ નંબરની ઈખઠકારમાં આગ લાગી હતી. ઘટના અંગે મોરબી ફાયર વિભાગે સ્થળ ઉપર પહોંચી આગને કાબૂમાં લીધી. કારમાં લાગેલ આગમાં કાર બળીને ખાક થઈ ગયી હતી. કાર ચાલક સમય સુચકતા વાપરી કારની બહાર નીકળી જતા જાનહાની ટળી હતી. જ્યારે આગ લાગવાના બીજા બનાવમાં ૧૦.૩૦ વાગ્યે લજાઈ ચોકડી પાસે યુનાઈટેડ કંપનીમાં આગ લાગી હતી. ત્યારે ફાયર વિભાગ ટીમે પાણીનો મારો કજલાવી આગ બુઝાવી હતી. હાલ આગ ક્યાં કારણોસર લાગી હતી તે અકબંધ છે, પરંતુ આગને કારણે કંપનીના મકાન અને સામાનને મોટું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત ટંકારા તાલુકાના ધ્રુવનગર નજીક મોતીભાઈ પશુપાલકના મગફળીના ભૂંસા અને જુવારના સારાંમાં આગ લાગી હતી. જેની જાણ થતાં ફાયર વિભાગ ઘટના સ્થળે પહોંચી હતી, ત્યારે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેથી આ આગને કાબૂમાં લેવા માટે રાજકોટ ફાયર ટીમની પણ મદદ લેવામાં આવી હતી. જેમાં હાલ આગ ઉપર કાબુ મેળવ્યો હતો પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર કુલિંગ પ્રક્રિયા હજુ ચાલુ હોવાનું જણાવેલ છે. આ આગની ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થયેલ ન હતી

# મોરબીના કારખાનેદાર સાથે પ્લાસ્ટિકના દાણાનો કોન્ટ્રાકટ આપવાના નામે એક કરોડની ઠગાઈ

મોરબી શહેરમાં અવની ચોકડી નજીક રહેતા અને લજાઈ ખાતે પોલીમર્સ ફેકટરી ધરાવતા કારખાનેદાર સાથે પ્લાસ્ટિકના દાણાનો કોન્ટ્રાકટ આપવાને નામે અલગ અલગ મોબાઈલ નંબર તેમજ બેન્ક એકાઉન્ટ ધરાવતા ૨૦ ઈસમોએ રૂપિયા એક કરોડથી વધુની છેતરપિડી કરતા તમામ આરોપીઓ વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પ્રાપ્ત વિગતો મુજબ મોરબી શહેરમાં અવની ચોકડી નજીક રહેતા અને લજાઈ ખાતે સપાર્કલ પોલીમર્સ ફેક્ટરી ધરાવતા દિવ્યેશભાઈ ભરતભાઈ સવસાણી ઉ.૨૫ નામના કારખાનેદારે મોરબી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જાહેર કર્યું હતું કે તેઓને પ્લાસ્ટિકના દાણાનો કોન્ટ્રાકટ આપવાના નામે અલગ અલગ ચાર મોબાઈલ ધારકોએ સંપર્ક કરી બાદમાં વર્ષ ૨૦૨૨ના માર્ચ મહિનાથી લઈ નવેમ્બર - ૨૦૨૨સુધીમાં આરોપીઓએ અલગ અલગ ૧૬ બેન્ક એકાઉન્ટમાં અલગ અલગ સમયે કુલ રૂપિયા ૧,૦૮,૭૮,૪૫૮નું રોકાણ કરાવી બાદમાં આજદિન સુધી પ્લાસ્ટિક દાણાનો કોન્ટ્રાકટ નહિ આપી છેતરપિડી કરતા તમામ ૨૦ આરોપીઓ તેમજ તપાસમાં જે ખુલે તે તમામ વિરુદ્ધ ગુન્હો નોંધવા ફરિયાદ નોંધાવતા સાયબર ક્રાઈમ પોલીસે તપાસ શરૂ કરી છે.

# મીઠાના પાટામાં દરિયાના ક્રિકમાંથી અજાણ્યા ૧૦ થી ૧૫ વર્ષના બાળકનો મૃતદેહ મળી આવ્યો

માળીયા(મી)ના હરીપર ગામ આંકડીયા વાંઢ પાસે મીઠાના પાટામાં દરિયાના ક્રિકમાંથી અજાણ્યા પુરુષ બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. જે મૃતદેહ આશરે ૧૦ થી ૧૫ વર્ષ ધરાવતા પુરુષ બાળકનો હોય ત્યારે ઉપરોક્ત સ્થળે કોઈપણ કારણોસર મૃત્યુ થયું હોય તે હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. જેથી સ્થાનિકો દ્વારા માળીયા(મી) પોલીસ મથકમાં જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી લાશને હોસ્પિટલ ખસેડવા તજવીજ હાથ ધરી હતી. હાલ પોલીસે સ્થાનિક રહેવાસી વલીમામદભાઈ આમદભાઈ કટીયા ઉવ.૪૪ રહે.આંકડીયા વાઢ માળીયા(મી)ની પાસેથી પ્રાથમિક વિગતો મેળવી મૃત્યુના બનાવ અંગે અ.મોત રજીસ્ટર કરી મૃતકના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

# ખોટી એફઆઈઆર દાખલ કરાતા અનુસૂચિત સમાજના લોકોએ આપ્યું આવેદન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

પાટણ ગામે ભાનુભાઈ વણકર ની શહીદી બાદ રાજ્ય સરકારે પરિપત્ર બહાર પાડી અનુસૂચિત સમાજના લોકોને સાંથલીની જમીન સોપવા હુકમો થયા પણ હજુ સુધી કબજો સોપાયો નથી તેમજ ભુપગઢ ગામના અનુસૂચિત જાતિના લોકો ઉપર રજપૂત સમાજના વિવેક સિંધુ દ્વારા લેન્ડગ્રેબિંગ ની ઓનલાઈન અરજીથી મામલતદાર દ્વારા ગત 30 માર્ચના રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશનમાં ખોટી એફઆઈઆર કરાયેલ છે જે સંદર્ભે આજે કલેકટરને અનુસૂચિત સમાજના લોકો દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું તેમાં જણાવવામાં આવ્યું હતું કે જે અંગે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે અન્યથા આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી અપાય હતી

# રાજકોટની હરિવંદના કોલેજમાં LLBના છાત્ર ઉપર સહપાઠીનો હુમલો

## પૃથ્વીનો જન્મ કેવી રીતે થયો તે વિજ્ઞાનનો વીડિયો સોશિયલ મીડિયા ગ્રૂપમાં મૂકવા બાબતે થયેલ ઝઘડાનો ખાર રાખી કોલેજના બાથરૂમમાં માર માર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હરીવદના કોલેજમાં એલ. એલ. બીમાં પહેલા વર્ષમાં અભ્યાસ કરતા વિધાર્થીને કોલેજના બાથરૂમમાં તેની સાથે કોલેજમાં અભ્યાસ કરતા અન્ય છાત્રોએ હુમલો કરતા આ મામલે યુનિવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. પૃથ્વીનો જન્મ કેવી રીતે થયો તેવો વિજ્ઞાનનો વિડીયો બાબતે બે વિધાર્થી સહીતનાઓએ ઝગડો કરી મારમાર્યો હતો.

રાજકોટના ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ઓમનગર ૪૦ ફૂટ સેડ પટેલ નગરમાં વિવેક મકાન ખોડીયાર પાનની બાજુમાં રહેતા અને હરીવદના કોલેજમાં એલ. એલ. બીમાં પહેલા વર્ષમાં અભ્યાસ કરતા વિવેકભાઈ રસીકલાલ કાલરીયા (ઉ૧ ૩૯)એ યુનિવર્સીટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ભરતભાઈ જોષી તથા યગ્નેશભાઈ મહેતા અને તપાસમાં ખુલે તે તમામના નામ આપ્યા છે.ફરિયાદમાં વિવેકે જણાવ્યા મુજબ ગત તા.૦૪/૧૨/૨૦૨૪ રોજ વોટસએપમાં એપ્લીકેશનમાં હરીવદના કોલેજના એલએલબી નામના ગ્રૂપમાં યુટ્યુબર ધ્રુવ રાઠીનો પૃથ્વીનો જન્મ કેવી રીતે થયો તેવો વિજ્ઞાનનો વિડીયો મુક્યો હતો.

ગ્રુપમાં લીક શેર કરેલ અને જેમાં ઘણા બધાએ કારણવગર ની ટીપણીઓ કરેલી જેથી વિવેકે આ બાબતે તથ્યો અને તાકીકતા ઉપર ચર્ચા કરવા કહ્યું અને ખોટો વિવાદ નહીં કરવાં કહ્યું અને જેમાં ભરતભાઈ જોષી તથા યગ્નેશભાઈ મહેતા, અચેનાબેન સરવૈયા,યુવીબેન સતાસીયા ઉર્ફે એન્કર ધ્રુવીબેન પટેલ તેની સાથે સાથે આપનાર બીજા આરોપીઓ શક્તિભાઈ જાડેજા,રાહુલભાઈ પરમાર, નીધીબેને અકબરી, પ્રિસભાઈ રામાણી આ બધાએ ગુપમાં વિવેકે શેર કરેલ વિડીયો ઉપર ખાસ વિચાર ધારા અને દુ:પ્રચારથી પ્રેરાયને આ વિડીયોમાં કહેલી વિજ્ઞાનનની વાતો, વિડીયો બનાવનાર ઉપર કાયદા વિરુધ્ધની ખોટી અને કારણ વગરની ટીપ્પણીઓ કરવા લાગ્યા અને ત્યારબાદ તેમણે બધાએ વિવાદ અને ઝગડો કરી અને માર મારવાની ધમકી આપેલી અપહરણ કરવાની ધમકી આપેલી અને ખાનદાન ખોઈ નાખવાની ધમકી આપેલી અને જાહેરમાં અપમાન કરવાં લાગેલ અને ધર્મ ઉપર ટીપણી કરી કોલેજે કાલે આવીજા મળી અને જોઈ લેશું તેવી ધમકી આપી હતી.

ત્યારબાદ પ્રોફેસર આબીદભાઈ માકડાને વિવાદની જાણ કરેલી ત્યારબાદ પ્રોફેસર આબીદભાઈએ સમાધાન કરાવવાં વિવેકને ફોન કરી કોન્ફરન્સમાં યગ્નેશભાઈ મહેતા તથા શક્તિભાઈ જાડેજા સાથે વાત કરાવી હતી. સમાધાનની વાત કરતા યગ્નેશભાઈ મહેતા ફોનમાં જેમ ફાવે તેમ બોલી ઝગડો કરી ગાળા ગાળી કરી હતી જેથી પ્રોફેસર આબીદ ભાઈએ કોલ કટ કરી નાખેલ.



ત્યારબાદ તા. ૦૯/૧૨/૨૦૨૪ના રોજ વિવેક હરીવંદના કોલેજમાં લેકચર ભરવા ગયેલ ત્યારે લેકચર પૂરો કરી બાથરૂમ કરવા ગયેલ અને ત્યારે ભરતભાઈ જોષી અને યગ્યેશ મહેતાએ હુમલો કર્યો હતો.વિવેકના મિત્રોએ તેને બચાવવા વચ્ચે પડ્યા હતા. વિવેક ત્યાંથી ભાગી પ્રોફેસરના રૂમમાં જઈ તમામ ઘટનાની જાણ કરી હતી. હુમલો કરનાર ભરત જોષી અને યગ્નેશ મહેતાં ત્યાં આવી ફોનમાં વિડીયો શૂટીંગ ચાલુ કરેલ અને તમામની હાજરીમાં અભદ્ર વર્તન કર્યું હતું. હરીવંદના કોલેજમાં ભયનું વાતાવરણ ઉભું કરનાર સામે અતે પોલીસ ફરિયાદ નોંધવી હતી.

# રાજકોટ યાર્ડ બહાર વાહનોની ૯ કિમી લાંબી લાઈન

## રસ્તા પર અંદાજે ૯૦૦ વાહનોનો ખડકલો, મગફળી અને કપાસની બમ્પર આવક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે જણસીની ખરીદી ચાલી રહી છે. ત્યારે આજે વહેલી સવારથી જ ખેડૂતો તેમની વિવિધ જણસી લઈને ઉમટી પડતા માર્કેટિંગ યાર્ડ બહાર ૯૦૦ કરતા વધુ વાહનનો ખડકલો જોવા મળ્યો હતો. અને યાર્ડ બહાર ૯ કિલોમીટર લાંબી વાહનોની લાઈનો લાગી હતી. યાર્ડ ચેરમેન સહિતના અગ્રણીની હાજરીમાં વાહનોને યાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. જેમાં કપાસની ૮,૫૦૦ ભારી, મગફળીની વધુ ૧.૦૫ લાખ ગુણીની આવક નોંધાઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગુજરાત સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી સહિતની વિવિધ જણસીઓની ખરીદી કરાઈ રહી છે. ત્યારે આજે સવારથી જ મોટી સંખ્યામાં ખેડૂતો મગફળી, કપાસ અને સોયાબીન સહિતની જણસીઓ ભરીને રાજકોટ બેડી માર્કેટિંગ યાર્ડ ખાતે આવી પહોંચ્યા હતા. જેને લઈ મગફળી અને કપાસ ભરેલા વાહનોની ૯ કિલોમીટર સુધીની લાઈન થઈ હતી. અંદાજે ૯૦૦ કરતા વધુ વાહનોને માર્કેટિંગ યાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપવામાં આવ્યો હતો.

રાજકોટ માર્કેટિંગ યાર્ડનાં ચેરમેન સહિતના આગેવાનો દ્વારા ખેડૂતોને મુશ્કેલી ન પડે તે માટેની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. અને ચેરમેન જયેશ બોધરાની હાજરીમાં તમામ વાહનોને ક્રમવાર પ્રવેશ આપવામાં આવ્યો હતો. આજે વિવિધ જણસીઓની ઉતરાઈ કરવામાં આવી હતી. જેમાં મગફળીની ૧.૦૫ લાખ ગુણીની આવક થઈ હતી. જ્યારે કપાસની આવક ૮૫,૦૦૦ ભારીની નોંધાઈ હતી.



ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ વર્ષથી ખેડૂતોને ટેકાના ભાવ કરતા ઓપન માર્કેટમાં સારા ભાવ મળતા હતા. જેના કારણે ખેડૂતો તેની મગફળી ટેકાના ભાવે નહીં વેચીને ઓપન માર્કેટમાં વેચતા હતા. પરંતુ ચાલુ વર્ષે ટ્રેન્ડ બદલાયો છે. અને ખુલ્લી બજાર કરતા ટેકાના ભાવ ઉંચા હોવાથી ખેડૂતો પોતાની મગફળી ટેકાના ભાવે વેંચી રહ્યા છે. ચાલુ વર્ષે સરકારના નિયમ મુજબ વધુમાં વધુ બે હેક્ટર ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે. જોકે આ માટે એક બારદાનમાં ૩૬ કિલો મગફળીની ભરતી હોવી તેમજ ૨૦૦ ગ્રામ મગફળીમાં ૧૪૦ ગ્રામ દાણા નીકળવા જરૂરી છે.

# અસામાજીક તત્વો દ્વારા સૌરાષ્ટ્ર કચ્છના કોંગ્રેસના પ્રવક્તા તુષિત પાણેરીને મળી મારી નાખવાની ધમકી

## એફ આઈ આર નોંધાવ્યા ના ૪૮ કલાક બાદ પણ આરોપીઓ પોલીસ પકડ થી દુર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સૌરાષ્ટ્ર કચ્છ કોંગ્રેસના પ્રવક્તા તુષિત પાણેરી એ જણાવ્યું હતું કે રાજકોટ શહેર નો એક પણ મુખ્ય માર્ગ એવો નથી જ્યાં લારી ગલ્લા કે છકડો રીક્ષા ચાલકો ના દબાણ ન હોય , આવા જ એક મુખ્ય માર્ગ એટલે યુનિવર્સિટી રોડ પરના પંચાયત નગર ચોક મા રસ્તા પર ટ્રાફિક ને અડચણ રૂપ થાય તે રીતે દબાણ કરીને ફ્રૂટ ની લારી અને છકડો રીક્ષા ચાલકો રોજ સવાર સાંજ ઊભા રહે છે , આ લોકો ના જાહેર માર્ગ પરના આવા દબાણ ને કારણે ત્યાંથી પસાર થતા વાહન ચાલકો ને પારાવાર તકલીફ પડે છે , આ સંબંધે મે અગાઉ અનેકવાર રાજકોટ મહાનગર પાલિકા ની દબાણ હટાવ શાખા મા રજૂઆતો કરી , ટ્રાફીક ડીસીપી પૂજા યાદવ ને સંબંધિત મુદ્દે લેખિત રજૂઆત પત્ર પણ આપેલ છે જેનો ખાર રાખી ને ગત તા ૪ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ સાંજે પાંચ વાગે હું મારા ઘરે પહોચ્યો એવામાં યુનિવર્સિટી રોડ પર પંચાયત નગર ચોક મા છકડો રીક્ષા લઈને મેઈન રોડ પર દબાણ કરીને ઊભો રહેતો ફ્રૂટ નો ધંધાર્થી ધર્મેશ કાંતિ પરમાર મારા ઘર સુધી ધસી આવ્યો અને કહેવા લાગ્યો તું રોડ પરના દબાણ બાબતે અવાર નવાર મહાનગરપાલિકા મા રજૂઆત કરે છે , રોડ તારા બાપ નો છે ?? અમે ફ્રૂટ ની રીક્ષા ત્યાં જ ઊભી રાખીશું થાય તે કરી લેજે તેમ કહી ગાળો દેવા લાગ્યો , બાદ મા ધર્મેશ પરમાર એ ફોન કરીને પંચાયત નગર ચોક મા ઉમિયા ચા ના બગીચા પાસે મેઈન રોડ પર દબાણ કરીને ઊભા રહેતા અન્ય એક ફ્રૂટ ના ધંધાર્થી છકડા ચાલક અજય પરમાર ને ફોન કરીને બોલાવ્યો , અજય પરમારે પણ મને કહ્યું હતું કે રીક્ષા તો ત્યાં જ રહેશે અને જેમ તેમ ગાળો બોલવા લાગ્યો . . એવામા ધર્મેશ પરમાર એ મને હવે તું માપ મા રહેજે , કોર્પોરેશન કે ટ્રાફીક પોલીસ મા રજૂઆત કરતો નહિ બાકી અમે રિક્ષામાં હથિયાર સાથે રાખીએ છીએ , ગમે ત્યારે પતાવી દેશું એમ કહીને જાન થી મારી નાખવાની ખુલ્લી ધમકી આપી છે આ બનાવ બાદ તેઓએ જણાવ્યું હતું કે આ સંદર્ભે તા ૫ ડિસેમ્બર ના રોજ



ડીસીપી ઝોન ૨ જગદીશ બાંગરવા ને રૂબરૂ મળીને લેખિત અરજી આપ્યા બાદ તા ૧૪ ડિસેમ્બર ના રોજ ઉપરોક્ત બન્ને ઉલ્લેખિત નામ વાળા આરોપીઓ વિરુદ્ધ એફ આઈ આર નોંધાવી છે , એ સર્વ વિદિત છે રાજકોટ સહિત સમગ્ર ગુજરાત મા ગુંડા બદમાશો બેફામ અને બેખૌફ થયા છે , રાજકોટ શહેર મા જ છેલ્લા દોઢ મહિના મા સાત જેટલા મર્ડર થયા ત્યારે મે આજથી લગભગ એકાદ મહિના પહેલા મારી ગમે ત્યારે હત્યા થઈ શકે તેવા ડર સાથેની શક્યતા વ્યક્ત કરી હતી ઉપરોક્ત બન્ને આરોપી હિંસક પ્રકૃતિ ધરાવતા હોય તેઓ ગમે ત્યારે મારા પર જીવલેણ હુમલો કરી શકે છે , એફ આઈ આર નોંધાવ્યા ના ૪૮ કલાક બાદ પણ પોલીસ એ હજી સુધી આ બન્ને આરોપી ની ધરપકડ કરી હોય તેવું મારી જાણ મા નથી હજી આ બન્ને આરોપીઓ ખુલ્લા સાંઢ ની જેમ ફરી રહ્યા છે .

આ બાબતે ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા અમિત ભાઈ ચાવડા ના ધ્યાને આવતા તેઓએ પણ ઝોન ૨ ડીસીપી જગદીશ બાંગરવા ને સંબંધિત મામલે ત્વરિત કડક કાર્યવાહી કરવા સૂચના આપી છે.

# વર્તમાન જંત્રીના દરો અને સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડો કરવા ને લઈ 'આપે' આપ્યું આવેદન





(તસ્વીરઃ આનંદ જાવિયા)

વર્તમાન જંત્રીના દરો, સ્ટેમ્પ ડ્યુટી અને સંબંધિત ખર્ચો દ્વારા ઉદ્ભભ વતા નોંધપાત્ર પડકારો અંગે આજે આમ આદમી પાર્ટી એ કલેક્ટર દ્વારા રાજ્યના મહેસુલ મંત્રી આવેદનપત્ર આપ્યું હતું જેમાં જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતના ખેડૂતો, નાગરિકો અને વિકાસકર્તાઓની ચિંતા વ્યક્ત કરવા માટે લખી રહ્યા છીએ. આ નીતિઓ, જ્યારે રિયલ એસ્ટેટ વેલ્યુએશનને સુવ્યવસ્થિત કરવા અને આવકમાં વધારો કરવાના હેતુથી, નાણાકીય અવરોધો ઉભી કરે છે જે હાઉસિંગની પોષણક્ષમતાને નબળી પાડે છે, વિકાસ પ્રોજેક્ટને અવરોધે છે અને વ્યાપક અર્થતંત્ર પર નકારાત્મક અસર કરે છે. આ પત્ર ડેટા દ્વારા સમર્થિત મુદ્દાઓનું વિશ્લેષણ પ્રદાન કરે છે અને સુધારા માટે ભલામણો રજૂ કરે છે જેનાથી તમામ હિતધારકોને ફાયદો થશે. સરકાર દ્વારા જંત્રીની ગણતરી અને કર વસૂલાત ઉદાહરણ ના ડેટા પણ રજૂ કરાયા હતા.

# રાજકોટ બાર એશો. ચુંટણીમાં કાર્યદક્ષ પેનલમાં યુવા એડવોકેટ હુસૈન એમ.હેરંજાની કારોબારી સભ્યપદ માટે ઉમેદવારી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ બાર એસોસીએશનની વર્ષ ૨૦૨૪/૨૫ ની ચુંટણીમાં યુવા એડવોકેટ હુસૈન એમ. હેરંજાએ દિલીપભાઈ જોષીના પ્રમુખપદ વાળી કાર્યદક્ષ પેનલમાંથી કારોબારી સભ્યપદ માટે ઉમેદવારી નોંધાવેલ છે. હુસૈન.એમ. હેરંજાએ વર્ષ ૨૦૧૩ થી રેવન્યુ કન્સલટન્ટ ઈકબાલભાઈ લિંગડીયા સાથે રેવન્યુ ક્ષેત્રે વકીલાતની શરૂઆત કરેલ અને છેલ્લા ઘણા વર્ષોથી રાજકોટના ખ્યાતનામ ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર સાથે ક્રિમીનલ કેસોમાં વકીલાતની પ્રેકટીસમાં જોડાયેલ છે તેમ ખુબ જ સંઘર્ષમય જીવનમાંથી સફળતા તરફ પ્રયાણ કરી રહેલ છે. હુસૈન.એમ. હેરંજા પોતાના મિલનસાર સ્વભાવ, સ્વચ્છ પ્રતિભાના કારણે ખુબ જ બહોળુ મિત્ર વર્તુળ ધરાવે છે તેમજ બાર એસોસીએશનના કામોમાં હંમેશા તત્પર રહી કામગીરી કરે છે તેમજ પોતાના સમાજમાં પણ કારોબારી



સભ્ય તરીકે સેવા આપે છે તેમજ સર્વ સમાજમાં ચાહના ધરાવે છે તેમજ રાજકોટ શહેર ભા.જ.પ. લીગલ સેલમાં સક્રીય કામગીરી કરી રહેલ છે તેમજ અન્ય સામાજીક તથા શૈક્ષણીક સંસ્થાઓ સાથે પણ જોડાયેલ છે. તેમણે કાર્યદક્ષ પેનલમાંથી કારોબારી સભ્ય માટે રાજકોટ બારમાં સેવા આપવા માટે ઉમેદવારી નોંધાવેલ છે તેનો ક્રમ નં.૮ છે તેમના સહિત સમગ્ર કાર્યદક્ષ પેનલને મતરૂપી આર્શીવાદ આપી વિજયી બનાવવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

# રાજકોટ રેલ્વે ડિવીઝનમાં ઉર્જા સંરક્ષણ સપ્તાહની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૮ થી ૧૪ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ઊર્જા સંરક્ષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. રાજકોટ ડિવિઝન ના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી અશ્વનીકુમારે જણાવ્યું હતું કે ઉર્જા સંરક્ષણ અંગે લોકોમાં જાગૃતિ આવે અને ઉર્જાનું મહત્વ સમજાવે તે હેતુથી રાષ્ટ્ર દર વર્ષે ૧૪મી ડિસેમ્બરને ઉર્જા સંરક્ષણ દિવસ તરીકે ઉજવે છે. આ સંદેશાઓના વ્યાપક પ્રચાર અને પ્રસાર માટે, ઉર્જા બચત અને સંતુલિત ઉપયોગ માટેના સંદેશાવાળા પોસ્ટરો અને સ્ટીકરો રેલ્વે પરિસરમાં મુકવામાં આવ્યા હતા અને ઉર્જા સંરક્ષણ વિશે જનજાગૃતિ વધારવા માટે ડિવિઝન ના તમામ નાના-મોટા સ્ટેશનો પર પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું અને





એનૌન્સેમેંટ ના મધ્યમ થી લોકોને ઉર્જા સંયમિત રીતે ખર્ચવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. અન્ય વિભાગના રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોનું પણ વીજળી વિભાગના અધિકારીઓ અને એન્જિનિયરો દ્વારા કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું. સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર રજની યાદવના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ડિવિઝન પર ૫૩૯ ઊંઠા ક્ષમતાની સોલાર પેનલ્સ ઈન્સ્ટોલ કરવામાં આવી છે. જેના કારણે આ વર્ષે નવેમ્બર ૨૦૨૪ સુધી રેલવેની અંદાજે ૩૦.૨૪ લાખ રૂપિયાની આવક બચી હતી. રાજકોટ ડિવિઝન નું વિદ્યુત વિભાગ શક્ય તેટલો બિનપરંપરાગત ઉર્જા સ્રોતોના ઉર્જા સંરક્ષણ અને ઉપયોગ માટે પ્રતિબદ્ધ છે. આ શ્રેણીમાં, નજીકના ભવિષ્યમાં, ડિવિઝનના સ્ટેશનો અને સર્વિસ બિલ્ડિંગો પર લગભગ ૨.૭૫ ખઠા ક્ષમતાના સોલાર પ્લાન્ટ્સ ઈન્સ્ટોલ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રસંગે ડીઆરએમ ઓફિસ અને લોકો કોલોનીમાં નુક્કડ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું.

# બોગસ દસ્તાવેજકાંડ બાદ કલેક્ટર એક્શનમાં, ફાજલ જમીનોની તમામ વિગતો મગાવાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં મિલક્ત ખુલેલા બોગસ દસ્તાવેજ કૌભાંડ સામે આવ્યા બાદ તંત્ર પણ એક્શનમાં આવ્યું છે જિલ્લા કલેક્ટર પ્રભાવ જોશી એ જિલ્લાના તમામ પ્રાંત અધિકારીઓ અને મામલેદારો પાસે ફાજલ થયેલ નિયમ કરેલ પત્ર એક અને પત્રક પાંચ પૈકીની બે તથા ત્રણ ભાગમાં એક થી ત્રણ ની માહિતી ૧૯૬૦ થી લઈ નવેમ્બર ૨૦૨૪ની તમામ તાલુકા વાઈઝ બે દિવસમાં મોકલવા દ્વારા તાકીદ કરી છે. તેમજ દરેક મહિને મહિનો પૂર્ણ થતાને સાથે સાત દિવસમાં કલેક્ટર કચેરીએ રિપોર્ટ કરવા માટેની પણ સૂચનાઓ છે તે આપી દેવામાં આવી છે. કલેક્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે રાજકોટમાં બોગસ દસ્તાવેજ કૌભાંડ બાદ કલેક્ટર



એક્શનમાં આવ્યા છે. શુક્રવારના રોજ એક પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં કલેક્ટર દ્વારા કાજલ થયેલી તમામ જમીનની માહિતી છે તે તાત્કાલિક મંગાવવામાં આવી છે અને ૪૮ કલાકમાં જ સમગ્ર રિપોર્ટ કલેક્ટર કચેરીએ જમા કરાવવા માટે પ્રાંત અધિકારીઓ તેમજ મામલતદારને સુચના આપવામાં આવી છે. સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર ફાજલના નિયત કરેલ પત્રકો ૧ થી ૫ પૈકી બે તથા પત્રક ત્રણ ભાગ એકથી ત્રણ ની માહિતી ૧૯૬૦ લઈ નવેમ્બર ૨૦૨૪ સુધીની તમામ માહિતી તાલુકા વાઈસ માહિતી દિન બે દિવસમાં રિપોર્ટ કરવા સૂચના આપવામાં આવી છે. તેમજ હવેથી મહિનો પૂર્ણ થયાની સાથે જ સાત દિવસમાં તાલુકા વાઈઝ રિપોર્ટ રજૂ કરવા પણ સૂચના આપવામાં આવી છે ત્યારે રાજકોટમાં આવેલ દસ્તાવેજ કૌભાંડ કલેક્ટર પ્રભાવ જોશે એક્સલમાં આવ્યા છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

